જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૪/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૭૭૬/૧૭

### રતનપોળમાં સોનીની દુકાનમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલી રૂ.૬,૧૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે બે આરોપીની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચનાથી એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા તથા બનેલ ગુના શોધી કાઢવા તથા બનતા ગુના અટકાવવા સારું એસ.ઓ.જી. ના પો.સ.ઇ. શ્રી એન.એન.રબારી નાઓ પોતાની ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન કૃષ્ણનગર જે.ડી.સ્કુલ ત્રણ રસ્તા પાસે આવતાં સાથેના પો.કો.ચેતનકુમાર રામુભાઇ તથા પો.કો. જયેશભાઇ વાસીભાઇ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે આરોપી (૧) રવી વિશ્વનાથ અધિકારી ઉવ.૩૯ રહે, કૃષ્ણનગર હાઉસીંગના મકાનમાં, પાર્શ્વનાથ ટાઉનશીપ રોડ, કૃષ્ણનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ:રાના પોસ્ટ.સોનાખાની થાના:ઘાટાલ જી. મેદનીપુર પશ્રિમ બંગાળ (૨) રવીન્દ્રનાથ સિધ્ધેશ્વર લાગા ઉવ.૨૧ રહે, સદર મુળ વતન ગામ:મઇશગોટ પોસ્ટ.ચુવાટાંગા થાના:ખાનાકુલ જી.હુગલી પશ્રિમ બંગાળ નાઓને ઝડપી લઇ તેઓની પાસેથી ૨૩૦ ગ્રામ સોનાના ઘરેણાં કિ.રૂ.૬,૧૫,૧૬૪/- ના કબ્જે કરેલ જેઓએ પ્રથમ પુછપરછમાં કોઇ સંતોષકારક જવાબ નહી આપતાં તેઓની સઘન પુછપરછ કરતાં જણાવેલ કે, બંન્ને આરોપીઓ કાલુપુર રતનપોળ સાબુવાલા બીલ્ડીંગમાં આવેલ ભરતભાઇ સોની ની દુકાનમાં આ બંન્ને આરોપીઓ સોનીકામના કારીગર તરીકે કામ કરતા હોય અને તેઓના શેઠ ભરતભાઇએ ૨૩૦ ગ્રામ સોનું ઘરેણાં બનાવવા માટે આપેલ હોય જે સોનું ભરતભાઇની ગેરહાજરીમાં ચોરી કરી બંન્ને આરોપીઓ નીકળી ગયેલ હતા અને આજરોજ ચોરી કરેલ ઘરેણાં લઇ પોતાના વતનમાં પશ્રિમ બંગાળ નાસી જવાની ફીરાકમાં હતા તે વખતે ઝડપી લેવામાં આવેલ છે આ ચોરી અંગે કાલુપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૨/૨૦૧૭ ઇપીકો કલમ ૩૮૧, ૧૧૪ મુજબ નોકર ચોરીનો ગુનો દાખલ થયેલ છે. આ ગુનામાં ચોરીએ ગયેલ તમામ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે અને આ કામના બંન્ને આરોપીઓને આજરોજ તા.૧૩/૦૪/૨૦૧૭ ના કલાક ૨૨/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી આ બાબતે વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સરદારનગર પોલીસ સ્ટેશનઃ-**

આજરોજ મે.પોલીસ કમિશ્નર સા. શ્રી તથા સેકટર -૨ સાહેબ તથા ઝોન-૪ સાહેબની સુચનાથી તથા જી ડીવીજન સાહેબ તથા પો.ઇન્સ શ્રી એચ.બી.ઝાલા સાહેબની જાણ હેઠળ પોસઇ શ્રી પી.જે.ખરસાણ તથા પો.કો.ડિપાલસિંહ અનવરસિંહ બ.ન.૨૭૯૨ તથા પો.કો.કપીલભાઇ કાન્તીભાઇ બ.ન.૨૦૧૮ તથા પો.કો.જીતેન્દ્રભાઇ અળખાભાઇ બ.ન.૨૫૧૮ તથા પો.કો દીનેશકુમાર સાગરભાઇ બ.ન.૨૯૮૨ નાઓ સાથે સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન સંતોષીનગર કુબેરનગર ખાતે આવતાં સાથેના પો.કો. દીનેશકુમાર સાગરભાઇ બ.ન.૨૯૮૨ નાઓને બાતમી હકીકત મળેલ કે એક ઇસમ નામે સિતારામ કેલાસજી બાવરી રહે-સંતોષીનગરના છાપરા કુબેરનગર અમદાવાદ નાનો જે સરદારનગર પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.ન.૧૨૬/૨૦૧૫ ઇપીકો કલમ ૩૨૫, ૩૨૩, ૨૯૪-ખ તથા જીપી એક્ટ કલમ-૧૩૫-૧ વિગેરે મુજબના ગુનાના કામે આરોપી છેલ્લા ત્રણ વર્ષથી નાસતો-ફરતો છે અને તે હાલમાં સંતોષીનગર કુબેરનગર ખાતે હાજર છે તેવી બાતમી આધારે સદર જગ્યાએ જઈ વોચમાં રહેતાં ઉપરોક્ત ઇસમ ત્યાં હાજર જણાયેલ જેને સંતોષીનગર કુબેરનગર ખાતે થી આજરોજ તા-૧૪/૪/૨૦૧૭ ના રોજ પકડી અટક કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)